
ગુજરાતી
દ્વિતીય/તૃતીય (સંપૂર્ણ)
ગરવી ગુજરાતી
ધોરણ-આઠમું

# ભારતનું સંવિધાન

## ભાગ ૪ ક

## નાગરિકોના મૂળભૂત કર્તવ્યો

**અનુચ્છેદ ૫૧ ક**

**મૂળભૂત કર્તવ્ય – ભારતના પ્રત્યેક નાગરિકનું એ કર્તવ્ય છે કે તેણે –**

(ક) દરેક નાગરિકે સંવિધાનનું પાલન કરવું. સંવિધાનના આદર્શો, રાષ્ટ્રધ્વજ અને રાષ્ટ્રગીતનો આદર કરવો.

(ખ) સ્વાતંત્ર્ય ચળવળની પ્રેરણા આપનારા આદર્શોનું પાલન કરવું.

(ગ) દેશના સાર્વભૌમત્વ, એકતા અને અખંડતા સુરક્ષિત રાખવા પ્રયત્નશીલ રહેવું.

(ઘ) આપણા દેશનું રક્ષણ કરવું, દેશની સેવા કરવી.

(ઙ) દરેક પ્રકારના ભેદભાવને ભૂલીને એકતા અને બંધુત્વની ભાવના વિકસાવવી. સ્ત્રીઓના સન્માનને ઠેસ પહોંચાડનારી પ્રથાઓનો ત્યાગ કરવો.

(ચ) આપણી સંમિશ્ર સંસ્કૃતિના વારસાનું જતન કરવું.

(છ) નૈસર્ગિક પર્યાવરણનું જતન કરવું. સજીવ પ્રાણીઓ પ્રત્યે દયાભાવ રાખવો.

(જ) વૈજ્ઞાનિક દૃષ્ટિ, માનવતાવાદ અને જિજ્ઞાસાવૃત્તિ કેળવવી.

(ઝ) સાર્વજનિક માલમત્તાનું જતન કરવું. હિંસાનો ત્યાગ કરવો.

(ઞ) દેશની ઉત્તરોત્તર પ્રગતિ માટે વ્યક્તિગત તેમજ સામૂહિક કાર્યમાં ઉત્તમતા-શ્રેષ્ઠતાનું સ્તર જાળવી રાખવાનો પ્રયત્ન કરવો.

(ટ) ૬થી ૧૪ વય જૂથના બાળકોને તેમના વાલીએ શિક્ષણની તક પૂરી પાડવી.

પ્રથમાવૃત્તિ : ૨૦૧૮
પુનર્મુદ્રણ : ૨૦૨૧

© **મહારાષ્ટ્ર રાજ્ય પાઠ્યપુસ્તક નિર્મિતિ અને અભ્યાસક્રમ સંશોધન મંડળ, પુણે ૪૧૧ ૦૦૪.**

મહારાષ્ટ્ર રાજ્ય પાઠ્યપુસ્તક નિર્મિતિ અને અભ્યાસક્રમ સંશોધન મંડળ પાસે આ પુસ્તકના બધા હક્ક રહેશે. આ પુસ્તકનો કોઈપણ ભાગ સંચાલક, મહારાષ્ટ્ર રાજ્ય પાઠ્યપુસ્તક નિર્મિતિ અને અભ્યાસક્રમ સંશોધન મંડળની લેખિત પરવાનગી વગર છાપી શકાશે નહિ.


| | | |
|---|---|---|
| **ગુજરાતી ભાષા સમિતિ સદસ્ય** | : | **સુશ્રી કલ્પના મહેતા, અધ્યક્ષ**<br>ડૉ. મધુ સંપટ<br>શ્રીમતી ભગવતી પંડ્યા<br>શ્રીમતી પ્રતિમા પંડ્યા |
| **ગુજરાતી અભ્યાસ જૂથ** | : | સુશ્રી ઇલા શુક્લ<br>શ્રીમતી સ્મિતા દવે<br>શ્રીમતી જ્યોતિ ખખ્ખર |
| **નિમંત્રિત** | : | શ્રી પ્રફુલ આર. શાહ<br>શ્રીમતી જનક દાવડા<br>શ્રીમતી હીના લિલાણી<br>શ્રીમતી વંદના પંચાલ<br>શ્રીમતી જિજ્ઞા કાપડિઆ<br>શ્રીમતી મંજરી ગુમાસ્તે<br>શ્રીમતી ઊર્મિલા શાહ<br>શ્રીમતી ધર્મિકા ધીરેન દોશી<br>શ્રી. ધીરેન મનસુખલાલ દોશી |
| **સદસ્ય-સંયોજક** | : | શ્રીમતી કેતકી નિતેશ જાની |
| **સંયોજન પ્રમુખ** | : | **શ્રીમતી કેતકી નિતેશ જાની**<br>વિશેષાધિકારી, ગુજરાતી વિભાગ,<br>પાઠ્યપુસ્તક મંડળ, પુણે -૦૪. |
| **મુખપૃષ્ઠ અને ચિત્ર** | : | શ્રી. સંજય પટેલ |
| **નિર્મિતિ** | : | **શ્રી. સચ્ચિદાનંદ આફળે**<br>મુખ્ય નિર્મિતિ અધિકારી<br>**શ્રી. સંદીપ આજગાંવકર**<br>નિર્મિતિ અધિકારી |
| **અક્ષરાંકન** | : | સમર્થ ગ્રાફિક્સ,<br>522, નારાયણ પેઠ, પુણે-30. |
| **કાગળ** | : | 70 GSM Creamwove |
| **મુદ્રણાદેશ** | : | N/PB/2021-22/Qty. |
| **મુદ્રક** | : | M/s |
| **પ્રકાશક** | : | **શ્રી. વિવેક ગોસાવી, નિયંત્રક**<br>પાઠ્યપુસ્તક નિર્મિતિ મંડળ,<br>પ્રભાદેવી, મુંબઈ - ૨૫. |


## પ્રસ્તાવના

પ્રિય વિદ્યાર્થી મિત્રો,

ધોરણ ૮માં આપનું સ્વાગત છે.

ધોરણ ૮માંનું 'ગરવી ગુજરાતી'નું નવું પુસ્તક તમારા હાથમાં મૂકતાં ખૂબ જ આનંદ થાય છે.

મિત્રો, ગુજરાતીના આ પુસ્તકનો અભ્યાસ તમારે દ્વિતીય/તૃતીય ભાષા (સંપૂર્ણ) અંતર્ગત કરવાનો છે. આ પાઠ્યપુસ્તકમાં સામાજિક, બોધાત્મક, રમૂજી, ભાવનાપ્રધાન-જનજાગૃતિ પ્રેરક અને દેશપ્રેમ સંવર્ધક કૃતિઓ તેમજ કૃતિઓ અંતર્ગત આવતાં જીવનમૂલ્યો તમારે આત્મસાત કરવાના છે. તે સાથે જ નવું કરવાની જિજ્ઞાસા જાગૃત કરનારા અને જીવનમાં સકારાત્મક વલણ તરફ વળવાની દૃષ્ટિકોણ તરફ અગ્રેસર થાઓ તેવા કાવ્યો પણ આપેલા છે.

ભાષિક સમજ અંતર્ગત ખૂબ જ સરળ અને સાદી પદ્ધતિથી વ્યાકરણ આપ્યું છે. અલગ-અલગ પ્રકારના સ્વાધ્યાયનો અભ્યાસ કરવાથી તમારી સર્જન શક્તિનો વિકાસ થશે, કલ્પનાશક્તિ વધશે અને આકલન શક્તિ દૃઢ થશે તેવો વિશ્વાસ છે. આપેલા ઉપક્રમો વિચારશક્તિ વધારશે.

આ પુસ્તકને કારણે નવી ટૅક્નોલૉજી અને ઇન્ટરનેટનો તમારા વિકાસ માટે કેવો ઉપયોગ કરવો, તેની પણ જાણ થશે.

વર્ષાંતે આપ સૌ વિદ્યાર્થીઓને અધ્યયન નિષ્પત્તિ નિશ્ચિત પ્રાપ્ત થશે, એવો વિશ્વાસ છે.

આ પુસ્તક દ્વારા અધ્યયન-અધ્યાપન પ્રક્રિયા સરળ અને રોચક બનશે એવી ખાતરી છે.

'ઍપ'ના માધ્યમથી ક્યૂ. આર. કોડ દ્વારા પ્રત્યેક પાઠ સંબંધિત વધુ માહિતી માટે આપને દૃશ્ય-શ્રાવ્ય સાહિત્ય ઉપલબ્ધ થશે. તે અભ્યાસ માટે ચોક્કસ ઉપયોગી સાબિત થશે.

આ પાઠ્યપુસ્તક ક્ષતિરહિત બનાવવાનો સંનિષ્ઠ પ્રયત્ન કર્યો છે. છતાં પણ કોઈ બાબતે ક્ષતિ જણાય તો તે માટેના સચોટ સૂચનો આવકાર્ય છે.

આપ સર્વેને શુભેચ્છા !

પુણે

દિનાંક : ૧૮ એપ્રિલ ૨૦૧૮, અખાત્રીજ
ભારતીય સૌર દિનાંક :
૨૮ ચૈત્ર, ૧૯૪૦

(ડૉ. સુનિલ મગર)
સંચાલક
મહારાષ્ટ્ર રાજ્ય પાઠ્યપુસ્તક નિર્મિતિ
અને અભ્યાસક્રમ સંશોધન મંડળ, પુણે.

શાસન નિર્ણય ક્રમાંક : અભ્યાસ - 2116/(પ્ર.ક્ર.43/16) એસડી-4 દિનાંક 25-4-2016 અન્વયે સ્થાપિત થયેલ સમન્વય સમિતિની દિનાંક 29-12-2017 રોજની બેઠકમાં આ પાઠ્યપુસ્તક નિર્ધારિત કરવાની માન્યતા આપવામાં આવી છે.

ગુજરાતી

દ્વિતીય/તૃતીય (સંપૂર્ણ)

# ગરવી ગુજરાતી

## ધોરણ-આઠમું



**મહારાષ્ટ્ર રાજ્ય પાઠ્યપુસ્તક નિર્મિતિ અને અભ્યાસક્રમ સંશોધન મંડળ, પુણે - 411 004.**

તમારાં સ્માર્ટફોનમાં DIKSHA App દ્વારા પાઠ્યપુસ્તકનાં પહેલા પાનાં પરના Q.R. Codeથી ડિજિટલ પાઠ્યપુસ્તક અને દરેક પાઠમાં આપેલા Q.R. Codeથી તે સંબંધિત પાઠનાં અધ્યયન-અધ્યાપન માટે ઉપયોગી દૃશ્ય-શ્રાવ્ય સાહિત્ય ઉપલબ્ધ થશે.

8GKNTV

# ભારતનું સંવિધાન

## આમુખ

અમે ભારતના લોકો ભારતને એક સાર્વભૌમ સમાજવાદી
બિનસાંપ્રદાયિક લોકતંત્રાત્મક પ્રજાસત્તાક તરીકે સંસ્થાપિત
કરવાનો
તથા તેના સર્વ નાગરિકોને :
સામાજિક, આર્થિક અને રાજકીય ......................ન્યાય
વિચાર, અભિવ્યક્તિ, માન્યતા,
ધર્મ અને ઉપાસનાની ...............................સ્વતંત્રતા
દરજ્જા અને તકની .................................સમાનતા
પ્રાપ્ત થાય તેમ કરવાનો
અને તેઓ સર્વમાં
વ્યક્તિનું ગૌરવ અને રાષ્ટ્રની
એકતા અને અખંડતા સુદૃઢ કરે એવી ................બંધુતા
વિકસાવવાનો
ગંભીરતાપૂર્વક સંકલ્પ કરીને

અમારી સંવિધાનસભામાં ૨૬ નવેમ્બર, ૧૯૪૯ના રોજ
આથી આ સંવિધાન અપનાવી, તેને અધિનિયમિત કરી
અમને પોતાને અર્પિત કરીએ છીએ.

## રાષ્ટ્રગીત

જનગણમન - અધિનાયક જય હે
ભારત-ભાગ્યવિધાતા :
પંજાબ, સિંધુ, ગુજરાત, મરાઠા,
દ્રાવિડ, ઉત્કલ, બંગ,
વિંધ્ય, હિમાચલ, યમુના, ગંગા,
ઉચ્છલ જલધિતરંગ,
તવ શુભ નામે જાગે, તવ શુભ આશિષ માગે,
ગાયે તવ જય ગાથા,
જનગણમંગલદાયક જય હે,
ભારત ભાગ્ય વિધાતા ।
જય હે, જય હે, જય હે,
જય જય જય જય હે ॥

## પ્રતિજ્ઞા

ભારત મારો દેશ છે. બધા ભારતીયો મારાં ભાઈબહેન છે.

હું મારા દેશને ચાહું છું અને તેના સમૃદ્ધ અને વૈવિધ્યપૂર્ણ વારસાનો મને ગર્વ છે. હું સદાય તેને લાયક બનવા પ્રયત્ન કરીશ.

હું મારાં માતાપિતા, શિક્ષકો અને વડીલો પ્રત્યે આદર રાખીશ અને દરેક જણ સાથે સભ્યતાથી વર્તીશ.

હું મારાં દેશ અને દેશબાંધવો પ્રત્યે વફાદારી રાખવાની પ્રતિજ્ઞા લઉં છું. તેમનાં કલ્યાણ અને સમૃદ્ધિમાં જ મારું સુખ સમાયેલું છે.

# અનુક્રમણિકા


| ક્રમ | કવિતા/પાઠનું નામ | કવિ/લેખકનું નામ | પૃષ્ઠ ક્ર. | અપેક્ષિત પિરિયડ |
|---|---|---|---|---|
| ૧. | નાગદમન | નરસિંહ મહેતા | ૧ | ૬ |
| ❖ | મેહુલો ગાજે ને | નરસિંહ મહેતા | ૩ | ૨ |
| ૨. | શ્રેષ્ઠ દાન | નટવરલાલ પંડ્યા | ૪ | ૮ |
| ❖ | સાચી સંપત્તિ | વિપુલકુમાર આર. ઠાકર | ૯ | ૨ |
| ★ | સંધિ – ૧ | વ્યાકરણ | ૧૦ | ૪ |
| ૩. | બોલવું સમજી વિચારી | અંકિત ત્રિવેદી | ૧૧ | ૬ |
| ❖ | મારી માને ગમશે ? | ગુરુદયાલ મલ્લિક | ૧૩ | ૨ |
| ૪. | જેલમાં ખિસકોલી | કાકાસાહેબ કાલેલકર | ૧૪ | ૮ |
| ❖ | ખિસકોલી | ઉમાશંકર જોશી | ૧૯ | ૬ |
| ★ | સંધિ – ૨ | વ્યાકરણ | ૨૦ | ૪ |
| ૫. | યા હોમ કરીને પડો... | નર્મદ | ૨૧ | ૬ |
| ❖ | સાચને પડખે... | મકરંદ દવે | ૨૪ | ૨ |
| ૬. | વિશ્વાસનું વાવેતર | પન્નાલાલ પટેલ | ૨૫ | ૮ |
| ❖ | વિશ્વાસ | રંભાબેન ગાંધી | ૩૧ | ૨ |
| ★ | ચિત્રવર્ણન | | ૩૨ | ૨ |
| ★ | સમાસ | વ્યાકરણ | ૩૩ | ૪ |
| ૭. | હું એવો ગુજરાતી | વિનોદ જોશી | ૩૫ | ૬ |
| ❖ | એવી આ ગુજરાતી છે | તુષાર શુક્લ | ૩૭ | ૨ |
| ૮. | સોનાનો થાળ | હરભાઈ ત્રિવેદી | ૩૮ | ૮ |
| ❖ | જેવું કરીએ એવું ભરીએ | શૈલેષ સગપરિયા | ૪૪ | ૨ |
| ૯. | કૉમ્પ્યુટર વસંત | ડૉ.હર્ષદેવ માધવ | ૪૫ | ૬ |
| ❖ | પંચમી આવી વસંતની | ઉમાશંકર જોશી | ૪૮ | ૨ |
| ૧૦. | ડાયનેમો | નગેન્દ્ર વિજય | ૪૯ | ૮ |
| ❖ | કઠપૂતળી | અંજના ભગવતી | ૫૫ | ૨ |
| ★ | ચિત્રવર્ણન | | ૫૬ | ૨ |
| | | | કુલ | ૧૬૦ |


**નોંધ :** દર અઠવાડિયે ઓછામાં ઓછા ૨ પિરિયડ મૂળભૂત ભાષિક કૌશલ્યો આત્મસાત કરાવવા ફાળવવા. દરેક કૃતિને અનુલક્ષીને તે સંબંધિક લેખન કૌશલ્યનો મહાવરો આપવો પણ પર્યાપ્ત પિરિયડ ફાળવવા.